પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

--------------

TAPI-C.R.PATIL

તાપી જિલ્લાની વ્યારા સુગર મિલમાં આજે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ સહિતના મહાનુભાવોએ શેરડી પીલાણ સિઝનનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સરકારની પશુપાલન લક્ષી વિવિધ યોજનાઓ તથા દૂધ મંડળીમાં સોલાર પ્લાન્ટ સ્થાપવાની યોજનાના મંજૂરી પત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી પાટીલે વ્યારા નગર પાલિકાના 53 કરોડ 74 લાખ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કામોનું ઇ લોકાર્પણ અને ખાત મુહુર્ત કર્યું હતું. આ દરમ્યાન સીઆર પાટીલ દ્વારા વ્યારા સુગરમિલને બેઠી કરવા માટે ખેડૂતોને સહકાર આપવા અપીલ સાથે જિલ્લા કલેકટરને પણ વિનંતી કરી હતી.

--------------

NAVSARI – FIRE, ACCIDENT

નવસારી જિલ્લાના ગણદેવી - બીલીમોરા રોડ ઉપર આવેલા એક ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં આગ લાગતાં 3 વ્યક્તિઓના મોત નીપજ્યા છે, અને 4 ને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

અમારા નવસારીના પ્રતિનિધિ અશોક પટેલના જણાવ્યા મુજબ બીલીમોરા નજીક દેવસર ખાતે આવેલા એક ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં સવારે ટ્રકમાંથી કેમિકલના ગોડાઉનમાં કેમિકલના ડ્રમ ઉતારતી વખતે અચાનક આગ લાગી હતી.. ફાયર બ્રિગેડ

આગ કાબૂમાં લેતાં ત્રણ મૃતદેહો મળી આવ્યા હતા. અન્ય 4 મજુરો ઘાયલ થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. ઘટનાની પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય એક બનાવમાં મહીસાગરની દેવ ચોકડીથી લુણાવાડા તરફ જતા માર્ગ ઉપર અકસ્માત સર્જાયો હતો. જ્યાં બાવલા ગામ પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા એક બાળકીનું મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

--------------

MEHSANA - KAPAS,MAGFALI AAVAK

વિજાપુર એપીએમસી  માર્કેટ યાર્ડમાં કપાસ અને મગફળીના વેચાણ માટે મોટી સંખ્યામાં ખેડૂતો આવી રહ્યાં છે. મગફળીની 6 હજાર કરતા વધુ બોરીની આવકે થઇ છે. જેનો 20 કિલોનો ભાવ  એક હજાર 100 થી એક હજાર 388 સુધીનો રહ્યો છે. કપાસની આવક 7 હજાર મણથી વધુ આવક થઇ છે, જેનો ભાવ એક હજાર 300 થી એક હજાર 552 સુધીનો ભાવ રહ્યો હતો.

માર્કેટ યાર્ડના ચેરમેન કાંતિ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોના પાકના સારા ભાવ મળી રહ્યાં છે, તેથી આજુબાજુના વિસ્તારના ખેડૂતો પણ વેચાણ માટે મોટી સંખ્યામાં આવી રહ્યાં છે.

--------------

MORBI - MEDICAL CAMP

મોરબીમાં શ્રી ડી.સી. મહેતા સાર્વજનિક ડીસ્પેન્સરી ખાતે આજે અને આવતીકાલે બે દિવસીય નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પ યોજાયો છે.

મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે કેન્સર નિદાન કેમ્પમાં મુંબઈના કેન્સર નિષ્ણાંત સર્જન ડો. વિક્રમભાઈ સંઘવી કેન્સરના દર્દીઓને આજે સાંજે ૪ થી ૭ સુધી અને આવતીકાલે સવારે ૯ થી બપોરે ૧૨ કલાક સુધી વિનામૂલ્યે તપાસીને યોગ્ય માર્ગદર્શન આપશે.

--------------

## MORBI- TABEL TENNIS

મોરબી મેડિકલ કોલેજનો વિદ્યાર્થી વિસ્મય ત્રિવેદીએ ટેબલ ટેનિસમાં રાજ્ય કક્ષાએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તે બદલ વિસ્મયને મેડિકલ કોલેજના ડિન ડો. નિરજ કુમાર બિશ્વાસ સહિત સમગ્ર કોલેજ પરિવારે તથા વિદ્યાર્થીઓએ અભિનંદન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

--------------

## PANCHMAHAL- AYUSHMAN YOJNA

પંચમહાલ જિલ્લામાં ગત વર્ષે આયુષ્માન કાર્ડનો 5 હજાર 907 દર્દીઓએ લાભ લીધો હતો.

હાલમાં રેડીએશન થેરાપીથી લાભ મેળવતા કેન્સરના લાભાર્થી ઈરફાન મલેક જણાવ્યું હતું કે મારી આર્થિક સ્થિતિ સારી ન હોવાથી કેન્દ્ર સરકારના આયુષ્માન કાર્ડથી મને હોસ્પિટલમાં કેન્સરની નિઃશુલ્ક સારવારનો લાભ મળ્યો હતો. તેમણે કેન્દ્ર સરકારનો અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

--------------

## Daman- ROAD PRATIBANDH

દમણમાં રામ સેતુ અને નમો પથ પર ત્રણ દિવસ સુધી વાહનવ્યવહાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે..

જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું હતું કે આજથી  સોમવાર સુધી સમારકામ, જાળવણી અને સફાઈને કારણે, નમો પથ, નાની દમણ અને રામ સેતુ પર અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

--------------